જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩

કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૧૪/૧૦/૨૦૨૫ મંગળવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૪૨/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૭ કેસ કરી, ૪૬ વ્યક્તિઓને ઝડપી, ૨૫૫ લીટર દેશી દારૂ, ૪ બોટલ ઈંગ્લીશ દારૂ, ૨૩૩ કવાર્ટર ઈંગ્લીશ દારૂ, ૧૬૮ બિયર ટીન, ૦૧ સ્કુટર, ૦૧ રિક્ષા અને ૦૧ ઈકો ગાડી કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૪ વ્યક્તિઓને ઝડપી, રોકડ રૂપિયા ૨૬,૮૦૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૪૪૩/૨૦૨૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૮૪ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૧ વ્યક્તિની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૪૪૪/૨૦૨૫**

વટવાઃ અમીત રમાકાંત ત્રિવેદી (ઉ.વ.૩૦) (રહે. રાધે એન્કલવ રોપડા વટવા રોડ વટવા) એ તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે અમીત ત્રિવેદી તા.૩૦/૦૪/૨૦૨૧ ના રોજ ડ્રીમ–૧૧ માં રૂપિયા એક કરોડ જીતેલ અને જે પૈકી સરકારી કપાત થતા રૂપિયા ૭૦,૦૦,૦૦૦/– મળ્યા હતા. ત્યારબાદ અમીત ત્રિવેદીને ધંધો કરવો હોય જી.એસ.ટી.એકાઉન્ટ ખોલાવ્યું હતું. બાદમાં ઇન્કમટેક્ષ વિભાગ તરફથી નોટીસ આવતા તપાસ કરતા જાણવા મળેલ કે કોઇ અજાણી વ્યક્તિએ અમીત ત્રિવેદીના પાનકાર્ડ તથા આધારકાર્ડની નકલ કોઇપણ રીતે મેળવી જેમા છેડછાડ કરી જેમાં એડીટીંગ કરી અમીત ત્રિવેદીના આધારકાર્ડ તથા પાનકાર્ડમાં તેઓનો ફોટો લગાવી તથા ખોટું સરનામુ બતાવી અમીત ત્રિવેદીના નામે પશ્ચિમ બંગાળ ખાતે પંજાબ નેશનલ બેન્કમાં ખાતુ ખોલાવી જેમાં અમીત ત્રિવેદીએ ડ્રીમ–૧૧ માં જીતેલ એક કરોડ રૂપિયા પોતાની ઇન્કમ બતાવી જે અમીત ત્રિવેદીએ ડ્રીમ–૧૧ ના જીતેલ નાણાંમાંથી રૂપિયા ૩૦,૦૦,૦૦૦/– ટેક્ષ કપાત થયેલ તે નાણાં ઇન્કમટેક્ષમાંથી રીટર્ન મેળવવા અમીત ત્રિવેદીના નામે ખોટા ડોક્યુમેન્ટ આધારે ખોલાવેલ પંજાબ નેશનલ બેન્કના ખાતામાં મેળવી જે નાણાં પશ્ચિમ બંગાળ ખાતે પંજાબ નેશનલ બેન્કના ખાતામાંથી સેલ્ફ વિડ્રોલ દ્વારા ઉપાડી અમીત ત્રિવેદી સાથે તેમજ સરકાર સાથે છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.બી.ગંધા ચલાવે છે.

ઘરફોડઃ– **સમાચાર યાદી નં.૧૪૪૫/૨૦૨૫**

સાબરમતીઃ અંકીતરામ કરણસિંહ રાજપુત (રહે. સિમંધર એક્લેવ પાવાપુરી ઘાટલોડીયા) એ તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ સાબરમતી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૧/૧૦/૨૦૨૫ થી તા.૧૦/૧૦/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન ત્રાગડ ખાતે H3 વર્લ્ડ સ્કુલ પાછળ નવી બનતી બિલ્ડીંગ ખાતે સરસામાન મુકવાની બંધ કેબીનના દરવાજાનું લોક તોડી અજાણી વ્યક્તિ કેબીનમાં પ્રવેશ કરી કેબીનમાંથી ઇલેકટ્રીક કેબલના બંડલ નંગ–૭૫ કિમત રૂપિયા ૧,૯૨,૩૮૯/– ચોરી કરી લઇ ગઈ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એચ.રાજપુત ચલાવે છે.

ચોરીઃ– **સમાચાર ચાદી નં.૧૪૪૬/૨૦૨૫**

રિવરફ્રન્ટ વેસ્ટઃ ફહામ સ/ઓ નઈમ તીરમીઝી (રહે. સેફ્રોન ફ્લેટ ટાગોર હોલ પાછળ કાગદીવાડ એલીસબ્રીજ) એ તા.૧૩/૧૦/૨૦૨૫ ના રોજ રિવરફ્રન્ટ વેસ્ટ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૨/૧૦/૨૦૨૫ રાતના ૧૧/૩૦ થી ૦૦/૦૦ વાગ્યા દરમ્યાન સાબરમતી રીવરફ્રન્ટ ઈવેન્ટ સેન્ટર બ્લોક–એ ઈલેકટ્રીક પોલ નંબર એફસીડબલ્યુયુ ૧૪૩૭ ની બાજુમાં પાર્ક કરેલ પોતાની કારના દરવાજાનો કાચ તોડી અજાણી વ્યક્તિ કારમાંથી સોનાનો સેટ કિમત રૂપિયા ૫૦,૦૦૦/–, ઘી કલેકટીવ બ્રાન્ડની બેગ તેમજ ગોલ્ડન હેન્ડલવાળી ગીફટ બોક્ષની થેલી તેમજ ચીજવસ્તુ અને રોકડ રૂપિયા ૧,૦૦,૦૦૦/– સાથેનું કોચ કંપનીનું લેડીઝ પર્સ કિમત રૂપિયા ૩૦,૦૦૦/– મળી કુલ રૂપિયા ૧,૮૦,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગઈ છે. આ ગુનાની તપાસ મ.સ.ઈ.શ્રી રજનીકાન્ત નથ્થુભાઈ ચલાવે છે.

કાલુપુરઃ શકીલાબાનુ હૈદરખાન પઠાણ (રહે. સોદાગરની પોળ ગલી નંબર–૧૫ કાલુપુર) એ કાલુપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૧૦/૨૦૨૫ બપોરના ૧૨/૩૦ વાગ્યાના સુમારે શકીલાબાનુ પઠાણના ઘરે તિજોરીનું લોક બદલવા આવેલ સરદારજી જેવા લાગતા બે પુરૂષ શકીલાબાનુ પઠાણની નજર ચુકવી તિજોરીમાંથી સોનાની બાલી કિમત રૂપિયા ૪૦,૦૦૦/– અને રોકડ રૂપિયા ૩,૧૭,૦૦૦/– મળી કુલ રૂપિયા ૩,૫૭,૦૦૦/– મતાની ચોરી કરી લઈ ગયા હતા. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એ.પી.શ્રીમાળી ચલાવે છે.

અપમૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૪૪૭/૨૦૨૫**

ચાંદખેડાઃ ચાંદખેડા કોટેશ્વર રોડ એસ.બી.આઇ બેન્ક સામે પ્રધાનમંત્રી આવાસ યોજનાની નવી બનતી બાંધકામની સાઈટ ખાતે રહેતા અને ત્યાં જ મજુરી કામ કરતા અભેસિંગ સ/ઓ ભુલાભાઈ લબડા (ઉ.વ.૫૦) (મુળ વતન. ગામ– મીઠાઘરવા જી–પાટણ) તા.૧૩/૧૦/૨૦૨૫ કલાક ૧૨/૩૦ વાગ્યા પહેલા સાઈટ ખાતે સાતમાં માળે ઘાબા પર સેન્ટીંગનું કામ કરતા હતા ત્યારે ઘાબા ઉપરથી પડી જતા ગંભીર ઈજાઓ થતા તેમનું મૃત્યું નિપજયું હતું. આ અંગે ચાંદખેડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી આનંદકુમાર પરસોત્તમભાઈ ચલાવે છે.

વિજ કરંટ લાગતા મૃત્યુઃ– **સમાચાર ચાદી નં.૧૪૪૮/૨૦૨૫**

નરોડાઃ નરોડા જી.આઈ.ડી.સી. રિઘમ એપાર્ટમેન્ટ સામે ૮/૯૪ એલ.આઈ.જી. ખાતે રહેતા અલ્પેશ જગદિશભાઇ પરમાર (ઉ.વ.૨૨) (મુળ વતન. ગામ–નીસરાય તા–બોરસદ જી–આણંદ) તા.૧૩/૧૦/૨૦૨૫ બપોરના ૪/૩૦ વાગ્યાના સુમારે ટાટા મોર્ટસ સર્વિસ સ્ટેશન વોશીંગ એરીયામાં ઈલેક્ટ્રીક પ્રેશર ગનથી કાર વોશીંગ કરતા હતા ત્યારે પ્રેશર ગનથી વિજ કરંટ લાગતા સારવાર માટે સિવીલ હોસ્પીટલ ખાતે લી જતા ફરજ પરના ડૉ.શ્રી એ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે નરોડા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ મ.સ.ઈ.શ્રી કિરિટકુમાર વિઠ્ઠલભાઈ ચલાવે છે.

પોલીસ ઈન્સ્પેક્ટર,
પી.આર.ઓ. યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી